ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૮.૨ ડીગ્રી
લઘુતમ : ૨૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૮ ટકા ● સાંજે ૫૦ ટકા

# અડાલજ જગન્નાથ મંદિરથી પ્રથમવાર રથયાત્રા અન્નપૂર્ણા ધામ જશે

## છેલ્લા પાંચ વર્ષ દરમિયાન માત્ર જેસીએઆરસી સંકુલમાં જ રથયાત્રા મહોત્સવ યોજાયો હતો : રાજ્યપાલ ઓ.પી. કોહલી 'છેરા પહરા' વિધિ કરાવશે

ગાંધીનગર, તા.૧
ગાંધીનગરના અડાલજ ખાતે અષાઢી બીજે ભગવાન જગન્નાથજીના મંદિરેથી પહેલીવાર રથયાત્રા માર્ગો પર પ્રસ્થાન કરશે અને આ પ્રસંગે રાજયના રાજયપાલ ઓ.પી. કોહલી મખ્યમહેમાન પદે ઉપસ્થિત રહી ભગવાનની 'છેરા પહરા' વિધિઓ કરશે. ઉલ્લેખનીય છે કે અડાલજના જગન્નાથ મંદિરે છેલ્લા પાંચ વર્ષથી રથયાત્રા ઉત્સવ ઉજવવામાં આવે છે પરંતુ અત્યાર સુધી રથયાત્રા માત્ર મંદિર સંકુલ પુરતી જ મર્યાદિત રહેતી હતી. જયારે હવે પહેલીવાર ભગવાનના રથ નિજ મંદિરથી નીકળી અડાલજના અન્નપૂર્ણા ધામે જશે અને વિરામ બાદ ત્યાંથી પરત ફરશે. આ સાથે અહીં સળંગ ૯ દિવસના ઉત્સવ બાદ ભગવાન મંદિરમાં સ્થાને બિરાજશે.

જગન્નાથ કલ્ચરલ એકેડેમી એન્ડ રિસર્ચ સેન્ટર-જેસીએઆરસી તથા ઓડિશા સામાજિક કલ્ચરલ એસોસિએશનના સંયુકત ઉપક્રમે આયોજિત આ રથયાત્રા મહોત્સવમાં તા. ૪થી જુલાઈએ એસ.જી. હાઈવે પરના અડાલજ ચાર રસ્તા નજીક જગન્નાથ મંદિરે સવારે ૮ કલાકે ભગવાનની મહાઆરતી તથા પહન્ડી વિધિ યોજાશે. આ પછી સવારે ૯ કલાકે રાજયપાલ દ્વારા 'છેરા પહરા' વિધિ કરાશે અને ત્યારબાદ રથયાત્રા જેસીએઆરસીથી પ્રસ્થાન કરી અડાલજ ખાતેના અન્નપૂર્ણા મંદિર સંકુલ ખાતે પહોંચશે. અંદાજે બો કિલોમીટરના આ રૂટ પરથી રથયાત્રા પહેલીવાર પસાર થશે અને અન્નપૂર્ણા ધામે સામૈયું, આરતી વગેરે સાથે દોઢેક કલાકનો વિરામ લીધા બાદ નિજ મંદિર તરફ પરત આવવા પ્રયાણ કરશે. જેસીએઆરસી ખાતે ભગવાનનો એક મંડપમાં પ્રસ્થાપિત કરશે જયાં સાંજે ૭ થી ૭.૩૦ કલાક દરમિયાન આરતી, સાંસ્કૃતિક કાર્યક્રમો અને પ્રસાદ વિતરણ યોજાશે. અહીં મંડપમાં ૯ દિવસ ભગવાન રહેશે જે દરમિયાન ઓડિશા સમાજ દ્વારા વિવિધ પરંપરાગત કાર્યક્રમો તથા ધાર્મિક પ્રસંગો ઉજવાશે અને ૯ દિવસ બાદ ભગવાને ફરી મંદિરમાં લઈ જઈ પ્રસ્થાપિત કરાશે. આ સમગ્ર ઉત્સવ દરમિયાન ઓડિશાના જગન્નાથપુરીની સાંસ્કૃતિક પરંપરા મુજબ ઉજવાશે.

અડાલજ ખાતે જેસીએઆરસી દ્વારા વર્ષ ૨૦૧૪થી રથયાત્રા મહોત્સવ ઉજવવામાં આવે છે. જો કે આટલા વર્ષોથી અહીં હાઈવેનો કારણે રથયાત્રાને બહાર માર્ગ પર જવાની મંજૂરી નહોતી મળતી પરંતુ આ વર્ષે સૌ પ્રથમવાર મંજૂરી મળતા રથયાત્રાનું જેસીએઆરસીથી અન્નપૂર્ણા ધામ સુધીના અંદાજે ૨ કિમીના રૂટનું આયોજન કરવામાં આવ્યું છે તેવું જેસીએઆરસીના પ્રબોધ સ્વેને જણાવ્યું હતું.



## ફાયર સેફટીની જોગવાઈનું પાલન ન કરતાં જિલ્લાના ૬૭ કારખાનાઓને શોકોઝ નોટિસ

ગાંધીનગર, તા.૧
સુરત ખાતે બનેલી ઘટનાના પગલે સમગ્ર ગુજરાત સહિત ગાંધીનગરમાં પણ ફાયર સેફટી અંગેના ખાસ પગલા ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી એસ.કે.લાંગાની સૂચનાથી લેવાયા હતા. જે અંતર્ગત ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થય, ગાંધીનગરની કચેરી દ્વારા ફાયર સેફટીની જોગવાઈનું પાલન ન કરતાં જિલ્લાના ૬૭ કારખાનાઓને શોકોઝ નોટિસ આપીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યના નાયબ નિયામકશ્રીએ જણાવ્યું છે કે, ગાંધીનગર જિલ્લાના કારખાના અધિનિયમ-૧૯૪૮ હેઠળ નોંધાયેલ વિવિધ કારખાનાઓમાં પણ ગુજરાત કારખાનાના નિયમો-૧૯૬૩ અન્વયે ફાયર સેફટીની જોગવાઈઓના પાલન અંગે તપાસ ઝુંબેશ જુન- ૨૦૧૯ માસ દરમિયાન યોજવામાં આવી હતી. આ ઝુંબેશ દરમિયાન જિલ્લાના ૧૦૦થી વધુ કારખાનાઓની તપાસ કરવામાં આવી હતી. કાયદાની વિવિધ ફાયરસેફટીની જોગવાઈઓનું યોગ્ય પાલન ના થયેલ હોય તેવા ૬૭ કારખાનાના કબ્જેદારોને કાયદા હેઠળ શોકોઝ નોટિસ આપવામાં આવી છે. તેમજ તેમની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. વધુમાં આ ઝુંબેશ આગામી સમયગાળા દરમ્યાન પણ ચાલુ રાખવામાં આવશે, તેવું પણ જણાવ્યું છે.

## સિવિલમાં 'જ' ટાઈપના મકાનમાં ઉભરાતી ગટરોથી રહીશો ત્રાહીમામ

ગાંધીનગર, તા.૧
ગાંધીનગર સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં જ ટાઈપ આવાસમાં છેલ્લા બે માસથી ગટરો ઉભરાતી હોવાનો સિલસિલો યથાવત રહેવા પામ્યો છે. ગટરોના ગંદા પાણી માર્ગો પર ફરી વળે છે. રહેણાંક મકાનની આસપાસ ગંદા પાણીના ખાબોચીયા ભરાય છે. સિવિલ તંત્રને ઉભરાતી ગટરો અંગે અનેકવાર લેખિત તેમજ મૌખિક જાણ કરી છે પરંતુ તંત્રના પેટનું પાણી હલતું નથી. જયારે ચોમાસાની સિઝનમાં ગટરો ઉભરાતા સિવિલ કેમ્પસમાં જ રોગચાળો ફાટી નીકળે તેવી દહેશત ઉભી થઈ છે.

મેડીકલ કોલેજ કેમ્પસમાં સિવિલ હોસ્પિટલના કર્મચારીઓને રહેવા માટે મકાન આવેલા છે. આ મકાનો વિવિધ સમસ્યાઓથી પિડાઈ રહ્યા છે. તો બીજીતરફ સ્થાનિક નાગરીકો પણ સમસ્યાઓની ફરીયાદ કરીને નિરાકરણ ના આવતા ટેવાઈ ગયા છે તેમ લાગી રહ્યું છે. સિવિલ કેમ્પસમાં જ ટાઈપના આવાસોમાં છેલ્લા બે માસથી ગટરો બેક મારે છે. ગટરો ઉભરાતા ગંદકી ફેલાય છે. ગટરોના દુષિત અને દુર્ગંધયુકત પાણી માર્ગો પર ફરી વળે છે. દુષિત પાણીના ખાબોચીયા ને પગલે મચ્છરોનો ત્રાસ વધી જવા પામ્યો છે. અતિશય દુર્ગંધથી આસપાસના વિસ્તારના રહીશો પણ કંટાળી ગયા છે. જયા બિમાર વ્યકતિને સારવાર આપવામાં આપીને સ્વસ્થ કરવામાં આવે છે તે સંકુલમાં જ કામ કરતા કર્મચારીઓના રોગચાળાના ઓથાર હેઠળ જીવી રહ્યા છે. એક તરફ ચોમાસાની સિઝન ચાલી રહી છે. મેઘરાજા મન મુકીને શહેર પર વરસ્યા નથી ત્યારે આ પરિસ્થિતિ છે તો વરસાદ બાદ કાદવ કિચડમાં સ્થાનિક નાગરીકોની હાલત શુ હશે તે કહેવું પણ મુશ્કેલ બની જાય છે. સ્થાનિકો દ્વારા અનેકવાર લેખિત તેમજ મૌખિક રજુઆત કરવામાં આવી છે. પરંતુ તંત્ર ના બહેરા કાને નાગરીકોની રજુઆત સંભળાતી નથી. ત્યારે ચોમાસાની સિઝનમાં ઉભરાતી ગટરો તાત્કાલીક અસરથી બંધ થાય તેવી લાગણી અને માંગણી નાગરીકોની છે.

## સેકટર-૪માં પોલીસચોકી નજીક વૃક્ષારોપણ યોજાયું

ગાંધીનગર, તા.૧
ગાંધીનગરના સેકટર-૪માં પોલીસચોકીની આસપાસના



વિસ્તારમાં સ્થાનિક કોર્પોરેટર પાયલબેન મેણાતના સહયોગથી વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં લીમડા જેવા આયુર્વેદિક ઉપયોગી તેમજ ગરમાળો જેવા વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કોર્પોરેટર પાયલબેન મેણાત ઉપરાંત પોલીસ ચોકીના ઈન્ચાર્જ એએસઆઈ ચંદુભાઈ રાવલ, કાળાજી ઠાકોર, અનિલભાઈ ઠાકોર, વિપુલ ઠાકોર અને સ્થાનિક સ્વયંસેવકો વિજયસિંહ હડિયોલ, મેહુલ સોલંકી, હેમલતા કટારા વગેરે ઉપસ્થિત રહી પર્યાવરણ બચાવો અભિયાનમાં સહયોગી બન્યા હતા. આ કાર્યક્રમમાં વાવેતર કરાયેલા વૃક્ષોની સારસંભાળ લેવાની જવાબદારી પોલીસ ચોકીના સ્ટાફ દ્વારા ઉઠાવી લેવાની તત્પરતા સ્ટાફે દાખવી હતી.

## સે-૩૦ બાંધકામ સાઈટ પરથી મજુર પટકાતા મૃત્યુ

ગાંધીનગર શહેરના સેકટર-૩૦ ખાતે બાંધકામની સાઈટ પર કલરકામ કરી રહેલો મજુર દિપક દયારામ પંચાલ (ઉં.વ.-૨૩ રહે. સે-૩૦ બી ટાઈપ કવાટર્સ) આજે બપોરના સાડા બાર વાગ્યાના અરસામાં બાંધકામની સાઈટ પર ઝુલા પર બેસીને કલરકામ કરી રહ્યો હતો. તે સમય દરમિયાન અચાનક તે કલરકામ કરતા નીચે પટકાયો હતો. મજુર નીચે પટકાતા શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેને તાત્કાલીક ગાંધીનગર સિવિલ સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. પરંતુ સારવાર દરમિયાન તેનું મૃત્યું નિપજ્યું હતું. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



તાજેતરમાં દહેગામ ખાતે રોટરી કલબના ફિઝિયોથેરેપી સેન્ટરને ગાંધીનગરની રોટરી કલબ દ્વારા વોટર કુલરની ભેટ આપવામાં આવી હતી. આ પ્રસંગે રોટરી ડિસ્ટ્રિકટ ૩૦૫૪ના ઝોન-૬ના આસીસ્ટન્ટ ગર્વનર જશવંત ગાંધી સહિત હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.



ગાંધીનગર અર્બન કો.ઓ. બેંકની સામાન્ય સભા તાજેતરમાં યોજાઈ હતી. બેંકના ચેરમેન કાળીદાસભાઈ પટેલે બેંકની ગતિ-પ્રગતિની વિગતો આપી સામાન્ય સભાના સભ્યોને અવગત કર્યા હતા. મોટી સંખ્યામાં બેંકના સભાસદો ઉપસ્થિત રહ્યા હતા. વર્તમાન બોર્ડ ઓફ ડિરેકટર્સની કામગીરી બદલ સંતોષ વ્યકત કર્યો હતો. આ સભામાં ગાંધીનગરના મેયર રીટાબેન પટેલ અને શહેરના અગ્રણીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

## જળ શકિત અભિયાન થકી કરેલું કામ આપને આત્મ સંતોષ આપશે : એસ.કે.લાંગા

### જળ શક્તિ અભિયાન થકી થનાર કામોના સુચારું આયોજન માટે કલેકટર એસ.કે.લાંગાના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઇ

ગાંધીનગર, તા.૧
ગાંધીનગર જિલ્લામાં જળ શક્તિ અભિયાનના સુચારું આયોજન અર્થે આજરોજ જિલ્લા કલેકટર એસ.કે. લાંગાના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઇ હતી. આ બેઠકમાં જિલ્લા કલેકટરશ્રીએ સર્વે સંબંધિત અધિકારીઓને પોતાના વિવિધ કામોના પ્લાનીંગ તાત્કાલિક રજૂ કરવા માટે ભારપૂર્વક જણાવ્યું હતું.

જિલ્લામાં આરંભ થયેલ જળ શક્તિ અભિયાન એક જન આંદોલન બની રહે તેવા ઉમદા આશયથી અભિયાનમાં સર્વે અધિકારીઓને સહભાગી થવા માટે કલેકટર શ્રી એસ.કે.લાંગાએ જણાવીને વધુમાં કહ્યું હતું કે, આ અભિયાન થકી કરેલું કામ આપને એક આત્મ સંતોષ આપશે, તેની સાથે આપના માર્ગદર્શન હેઠળ થયેલું કામ લાંબા સમય સુધી લોકોને ઉપયોગી બની રહેશે. આ અભિયાનમાં જિલ્લા તંત્ર સાથે લોકોનો સહયોગ પણ મળી રહે તે પણ ખૂબ જ જરૂરી છે. જેથી આ અભિયાનમાં વધુમાં વધુ લોકોને સહભાગી થવા આગ્રહ કરી, તેને અભિયાનના ઉમદા ફળો ભવિષ્યમાં કેવા મળશે, તેની જાણકારી આપવા માટે જણાવ્યું હતું.



જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલે જળ શક્તિ અભિયાન થકી થનાર કામગીરીમાં પ્રાણ નાખવા અને પાણીની કિંમત સમજાય તે માટે સંવેદનશીલતાથી જાગૃત્તિ લાવવી ખૂબ જ જરૂરી છે તેમ જણાવ્યું હતું.

જળ શક્તિ અભિયાનની બેઠકમાં નિવાસી અધિક કલેકટર એચ.એમ. જાડેજા, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક શ્રી બ્રહ્મભટ્ટ, સુજલામ- સુફલામના કાર્યપાલક ઈજનેર જે.એમ.માયત્રા, જિલ્લા કૃષિ અધિકારી ડી.પી.જાદવ સહિત વિવિધ કચેરીના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

## ચિલોડા ખાતે બાઈક સ્લીપ થતા આર્મી જવાનનું મૃત્યુ

ગાંધીનગર શહેર નજીક આવેલા ચિલોડા ચાર રસ્તા પાસે ને.હા.-૮ પર ગઈકાલે રાત્રીના સમયે આર્મી જવાનનું બાઈક સ્લીપ થતા જવાનને શરીરે ઈજાઓ પહોંચી હતી. આર્મીના જવાનને શરીરે ઈજાઓ પહોંચતા તાત્કાલીક ૧૦૮ મારફતે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જયાં સારવાર દરમિયાન આર્મી જવાનનું મૃત્યુ નિપજ્યું હતું. બનાવ અંગે મૃતકના પત્નીની ફરીયાદને પગલે ચિલોડા પોલીસે અકસ્માતે મોતની નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ગાંધીનગર ચિલોડા માર્ગ પર આવેલા આર્મી કેમ્પ ખાતે ૮૬ ઈન્ફેન્ટી બ્રિગેડમાં નાયક તરીકે ફરજ બજાવતા યોગેશ મનોહર લાન્ડગે (મુળ રહે. ચીનચોલી, તા.સીનાર,જી. નાસીક) કેમ્પમાં મકાન નં ૨૮૬-૧૦ ખાતે પરિવાર સાથે રહે છે. ગતરોજ બપોરના ચાર વાગ્યાના અરસામાં તેઓ હોન્ડા સાઈન બાઈક નં.જી.જે.૦૧.એલ.વી.-૯૦૫૭ લઈને અમદાવાદ સીટીએમ જવા માટે ઘરેથી નીકળ્યા હતા. રાત્રીના ૮ વાગ્યાના અરસામાં આર્મી જવાને ઘરે પોતાની પત્નીને કોલ કરીને એક કલાકમાં આવી જઈશે તેમ જણાવ્યું હતુ. પરંતુ દશ વાગ્યા છતા પતિ ઘરે ન આવતા તેમજ મોબાઈલ ફોન પણ બંધ આવતા જવાનની પત્ની એ પાડોશીને જાણ કરી કેમ્પસમાં શોધખોળ કરી હતી તેમ છતા કોઈ ભાળ ન મળતા ચિલોડા પોલીસ મથકે સંપર્ક કરતા જાણવા મળ્યું હતુ કે અકસ્માત સર્જાયો છે. ચિલોડા ક્રિષ્ણા હોસ્પિટલ સામે પોણા દશ વાગ્યાના અરસામાં અચાનક આર્મી જવાનનું બાઈક સ્લીપ ખાઈ ગયું હતું. જેને પગલે જવાન રોડ પર પટકાતા શરીરે ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્ત જવાનને તાત્કાલીક ૧૦૮ મારફતે ગાંધીનગર સિવિલ સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જયા સારવાર દરમિયાન આર્મી જવાનનું મૃત્યુ નિપજ્યું હતું. બનાવ અંગે ચિલોડા પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે આર્મી જવાનના મૃત્યુથી ૬ માસના બાળકે પિતાની છત્રછાયા ગુમાવી છે.

## સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા રથયાત્રાનું સ્વાગત કરાશે

સમસ્ત બ્રહ્મ સમાજ સે-૨૩ દ્વારા આગામી ૪ જુલાઈના રોજ નીકળનાર ભગવાન જગન્નાથજીની રથયાત્રાનું સ્વાગત દર વર્ષની જેમ આ વર્ષે પણ સે-૧૬ સ્થિત સોમનાથ મહાદેવ ખાતે સવારે ૮ કલાકે આરતી પૂજા અને પ્રસાદ વિતરણ કરી કરવામાં આવશે. આ પ્રસંગે બ્રહ્મસમાજના સભ્યો તથા કોર્પોરેટરો અને અગ્રણીઓ ઉપસ્થિત રહી રથયાત્રાનું સ્વાગત કરશે.

સાંજે ૬ કલાકે ભગવાન જગન્નાથજીની રથયાત્રાનું ભવ્ય સ્વાગત કડી સ્કુલ પાસેના શોપીંગ ખાતે બ્રહ્મસમાજ દ્વારા છાશ વિતરણ કરીને કરવામાં આવશે. જેમાં વોર્ડ નં. ૪ના કોર્પોરેટર નીલીબેન મુકેશ શુકલ ખાસ ઉપસ્થિત રહેશે.

સાંજે ૭ કલાકે સમસ્ત બ્રહ્મસમાજ સે-૨૩ શાખાની જનરલ મીટીંગ અશોકભાઈ પંડયા બ્લોક નં. ૧૧૬/૧ ખાતે મળશે. જેમાં આગામી કાર્યક્રમો અંગે વાતચીત કરવામાં આવશે. સંસ્થાના પ્રમુખ નરેન્દ્ર વ્યાસ અને મંત્રી તપન ત્રિવેદી દ્વારા સભ્યોને મીટીંગમાં ઉપસ્થિત રહેવા જણાવાયું છે.



ઉનાવા યુથ કલબ દ્વારા ઉનાવા પંચાયત અને તળાવની નજીક ૧૦૦ જેટલા લીમડાના છોડનું વાવેતર કરવામાં આવ્યું હતું અને દરેક સભ્યને એક એક વૃક્ષની જવાબદારી સોંપવામાં આવી હતી.